ગાંધીનગર સમાચાર

તા. ૬-૩-૨૦૧૨, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### આભડછેટ કયાં સુધી? એક રાજયના વડાનું અપમાન ગણાવું જોઇએ

વ્હોર્ટન સ્કૂલ એ પેન્સિલવેનિયા યુનિવર્સિટી અંતર્ગત આવેલી પ્રતિષ્ઠિત સંશોધન સંસ્થા છે. છેક ૧૯૯૬ની સાલથી આ પ્રતિષ્ઠાના અંતર્ભૂત એકમ 'વ્હૉર્ટન ઈન્ડિયા ઈકોનોમિક ફોરમ' ના ઉપક્રમે ભારતને સ્પર્શતી અગત્યની બાબતો પર ઊંડાણપૂર્વકની ચર્ચા યોજાતી રહી છે. એમાં વિશેષપણે ધંધોરોજગાર, અર્થકારણ, રાજકારણ, શિક્ષણ તથા વિદ્યાજગત જેવા વિષયો પર તજ્જ્ઞો અને ભારતીય પ્રતિભાઓ - 'સેલિબ્રિટીઝ'નાં પ્રવચનો યોજાતાં હોય છે. ફોરમ દ્વારા યોજાતા આ ઉત્સવમાં દર વર્ષે હજારેક લોકોની હાજરી રહ્યા કરે છે. અત્યાર સુધીમાં આ ઉપક્રમ હેઠળ પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ, નાણાપ્રધાન પી. ચિદંબરમ્, કેવી. કામથ, સુનિલ મિત્તલ, અનિલ અંબાણી, રાજદૂત અરૂણસિંહ, યુવા નેતા વરૂણ ગાંધી વગેરે એ સંબોધન કરેલ છે. ચાલુ મહિને ૨૨-૨૩ માર્ચના ફોરમ દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્ય પ્રાયોજક ગૌતમ અદાણી હતા. ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વિડિયો કૉન્ફરંસ દ્વારા સંબોધન કરવાના તા, કારણ કે એમને અમેરિકા વિઝા આપવા તૈયાર નથી. કેટલાક મોદી વિરોધી પ્રોફેસરો-વિદ્યાર્થીઓ અને વિચારકોએ મોદીનાં પ્રવચનને રદ કરવાની માંગણી કરતાં ફોરમનાં કર્તાહર્તાઓ માટે એમને આપેલું નિમંત્રણ નકાયું છે. હવે મોદીને બદલે આમ આદમી પાર્ટીનાં કર્ણધાર અરવિંદ કેજરીવાલ તા. ૨૩ માર્ચના રોજ વિડિયો કોન્ફરંગ મારફત સંબોધન કરશે, એવા સમચાર છે. મોદીને મોટા ઉપાડે નિમંત્રણ પાઠવનારા વ્હોર્ટન સ્કૂલના કર્તાહર્તાઓ માટે થૂંકવું ચાટવા જેવી નામોશીભરી પરિસ્થિતિ સરજાવા પામી છે. શું એ લોકો નહોતા જાણતાં કે અમેરિકામાં અને ખુદ એમની યુનિવર્સિટીમાં મોદી પ્રત્યે સૂગ ધરાવતો એક વગદાર બુધ્ધીજીવી વર્ગ સક્રિય છે? મોદીને હિંદુસ્તાનના લોકપ્રિય નેતા તરીકે ઊપસતા નિહાળી અમેરિકામાં વહીવટી તંત્રને પણ એમનાં તરફનાં વલણમાં આજે નહીં તો કાલે પુનર્વિચારણા કરવાની ફરજ પડે, એવાં સંજોગો વરતાઈ રહ્યાં છે. ત્યારે એમને વિડિયો કૉન્ફરંસ દ્વારા વ્યાખ્યાન આપવાનું નોતરૂં આપ્યા પછીઆમ પારોઠમાં પગલાં ભરવાં તે કોઈ પણ પ્રતિષ્ઠિત સંસ્થા માટે શોભાસ્પદ બાબત ન ગણાય. મોદીએ સામે ચાલીને આમંત્રણ નહોતું માગ્યું. કદાચ મોદીનાં શુભચિંતક ગણાતા ઉદ્યોગજૂથે એમનું નામ સૂચવ્યું હોય તે બનવાજોગ છે. પરંતુ એકવાર કાર્યક્રમ જાહેર થઈ ગયા પછી આ રીતે ના પાડવી - જાકારો ભણવો એ તો માનવતાની દૃષ્ટિએ પણ બરાબર ન ગણાય. મોદી કોઈ સામાન્ય માણસ નથી. તેઓ છ કરોડ ગુજરાતીઓનું સક્ષમ પ્રતિનિધિત્વ કરતાં એક લોકપ્રિય મુખ્યમંત્રી છે. બલકે અખિલ ભારતીય - રાષ્ટ્રીય કદના નેતા એમનું અપમાન કે ગુજરાતનું જ નહીં બલકે સમગ્ર દેશનું અપમાન ગણાવું જોઈએ. કેજરીવાલને પ્રસિધ્ધિની વધુ પડતી ભૂખ છે તેથી એમને મોદી માટે પીરસાયેલી થાળી સ્વીકારી હતી. આથી ખોટા સંકેતો જશે. મહાભારતમાં એક પ્રસંગ આવે છે જયારે વનવાસ ભોગવતાં પાંડવોને પરેશાન કરવા કૌરવોને પરાજિત કરી કેદ કરનારા ગંધર્વરાજ સામે યુધ્ધે ચડવા યુધિષ્ઠિર એમનાં પરાક્રમી ભાઈઓને સહમત કરે છે. તેઓ કહે છે : આપણે ભલે અંદરોઅંદર લડીએ પણ બહારના દુશ્મન સામે વયં પંચાધિકઃ શતઃ - આપણે દુશ્મન સામે એકસોને પાંચ છીએ! ભારતનાં આંતરિક રાજકારણમાં પક્ષીય મતભેદો હોઈ શકે, પરંતુ બહારની દુનિયામાં આપણી ઘરની દુશ્મનાવટ પ્રગટ થશે તો એથી સરવાળે દેશને જ નુકશાન થવાનું છે તે ન ભૂલીએ.

# એસ.જી. ઈંગ્લિશ મિડિયમ શાળાનો વાર્ષિકોત્સવ દબદબાપૂર્ણ રીતે ઉજવાયો

ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિદ્યાલયની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ તાજેતરમાં નાથીબા હોલ ખાતે યોજાયો હતો. જે.બી. પ્રાથમિક શાળા, એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, આર.એન.પટેલ પ્રાથમિક શાળા અને એસ.જી. ઈંગ્લિશ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા વાર્ષિકોત્સવમાં નાના-નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓ દ્વારા સુંદર માતૃવંદના-પિતૃવંદના ગીત, અભિનય અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કરવામાં આવી હતી.

વાર્ષિકોત્સવની ઉજવણીમાં આમંત્રિત મુખ્ય મહેમાનશ્રીઓ અને આમંત્રિત વાલીગણે બાળકોની કૌશલ્ય શક્તિને નિહાળી હતી અને અભિનંદન આપી માતા-પિતાના વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ અને કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, ઉદ્ઘાટક તરીકે પ્રાચાર્ય ટી.એસ. જોશી, મુખ્ય મહેમાન તરીકે ડૉ. ભરતભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને અભ્યાસમાં, સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં કે રમતોત્સવમાં વિજેતા થવા બદલ ઈનામ આપી સન્માનીત કર્યા હતા. માતૃ નિબંધ સ્પર્ધામાં પ્રથમ આવનાર માનસી મહોડીયાનું સન્માન કરવામાં આવ્યું હતું તથા તેના નિબંધનું જાહેરમાં વાંચન કરવામાં આવ્યું હતું. એસ.જી. શાળાની ધ્રુવી જોષી પણ આ સ્પર્ધામાં ત્રીજા નંબરે આવી હતી.

તેજસ્વી વિદ્યાર્થીઓમાં સમર્થ પટેલ, રુદ્ર ત્રિવેદી, સારંગ પટેલ, જય વડાલીયા, કૃપાલી પટેલ, ધ્રુવી જોશી, નીલ શ્યામ, અમી પટેલ, હર્ષિલ પટેલ, વીરબાળા તરીકે નાઝબાનું અંસારીને તથા વીરબાળ તરીકે ભાવીન પટેલને શિલ્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માનીત કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સુંદર માતૃ પિતૃ વંદના ગીત-અભિનય કાર્યક્રમ રજૂ કર્યો હતો. શાળાના આચાર્યા મિલિસિંહના નેતૃત્વ હેઠળ અને માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળ રીતે સંપન્ન થયો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષક સુખરામભાઈ, નેહલબહેન, સાધનાબહેન અને રાહુલભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી. વાલી ગણનો પણ આ પ્રસંગે સારો સહકાર મળી રહ્યો હતો.



### જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં ઈનામ વિતરણ

જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. મંડળના ટ્રસ્ટી શ્રી હરિભાઈ ચૌધરી, શ્રી મણીભાઈ ચૌધરી તથા આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી મિનાબેન ચૌધરીએ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરાવી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ધો. ૧ થી ૮માં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઈનામોનું વિતરણ કરાયું હતું. સંચાલન અંજનાબેન ચૌધરી અને બિમિતાબેન દવેએ કર્યું હતું. આચાર્યશ્રી મિનાબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

# ચોથા ગ્રામિણ ઓલમ્પિકસમાં રમતવીરોને જોડાવા નિમંત્રણ

## ૧૯મી માર્ચ સુધી રમતવીરોના એન્ટ્રીફોર્મ સ્વીકારાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સહાયક નિયામકે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ડાંગ દરબારનો લોક મેળો ૨૧ ને ૨૨ માર્ચે યોજાશે. આ ગ્રામિણ ઓલમ્પિકસમાં ભાગ લેવા ઈચ્છતી જિલ્લાની ટીમોની તેમજ ઈચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ ૧૯મી માર્ચ સુધી સ્વીકારવામાં આવશે. આ અંગેના એન્ટ્રીફોર્મ જે તે જિલ્લાના સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતેથી મળી શકશે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩માં આહ્વા ખાતે ડાંગ દરબારના લોકમેળામાં તા. ૨૧, ૨૨ માર્ચ ૨૦૧૩ દરમિયાન ચોથા ગ્રામિણ ઓલમ્પિકસનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ગ્રામિણ ઓલમ્પિકસમાં ભાઈઓની ૮૦ મી. દોડ, લાંબી કુદ, ગોળાફેંક, ઉંચી કુદ, લાંબી દોડ (પર્વતિયાળ વિસ્તાર), રસ્સાખેંચ, કબડ્ડી, ખોખો, વોલીબોલ, કુસ્તી, તિરંદાજી અને ગિલ્લોલ બહેનોની ૮૦ મી. દોડ લાંબી કુદ, ગોળા ફેંક, ઉંચી કુદ, તિરંદાજી, લાંબી દોડ (પર્વતિયાળ વિસ્તાર) કબડ્ડી, ખોખો જેવી પરંપરાગત રમતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ગ્રામિણ ઓલમ્પિકસમાં ભાગ લેવા ઈચ્છતી જિલ્લાની ટીમોની તેમજ ઈચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ અહમદ શેખ, સિનીયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, રમત સંકુલ રોપવેની નજીક મુ.કો. સાપુતારા, જી. ડાંગ-૩૯૪૭૨૦ તથા ડી.જે. ચૌધરી, જિલ્લા રમતગમત અધિકારી ચંદ્રભાગા સ્મૃતિ, આઈ.ટી.આઈ. પાસે આહવા, જી. ડાંગ-૩૯૪૭૧૦ને ૧૯ માર્ચ ૨૦૧૩ સુધીમાં સમયસર મળી જાય તે રીતે મોકલી આપવા જણાવાયું છે. આ અંગેના એન્ટ્રી ફોર્મ જે તે જિલ્લાના સિનીયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતેથી ઉપલબ્ધ થશે.

# ધો. ૧૦ના ગણિત પ્રશ્નપત્રના સમય મામલે ઉગ્ર રજુઆત

## શિક્ષણમંત્રીને ધો. ૧૦ના ગણિતના પેપરમાં સમય ઘટાડ્યા બાબતે રજૂઆત

ગાંધીનગર, તા. ૫

ઓલ ગુજરાત સ્ટુડન્ટસ્ ફેડરેશનના પ્રમુખ જ્યોર્જ ડાયસે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ધોરણ-૧૦ના ગણિતના પેપરમાં સમય ઘટાડવામાં આવતા પરીક્ષાર્થીઓને પેપર લખવામાં સમય ઓછો પડે તેમ છે. પરિણામે ધો. ૧૦ના લાખો વિદ્યાર્થીઓ અસહ્ય ત્રાસ વેઠી રહ્યા છે. જે બાબતે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને આવેદનપત્ર આપી વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં દરમિયાનગીરી પ્રશ્નને ઉકેલવા રજૂઆત કરી હતી.

ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પેપર લખવામાં સમય ઓછો પડે છે તેમ જણાવી તેમની ભાવિ કારકિર્દી પર માઠી અસર પડે તેવી દહેશત રહેલી છે ત્યારે બોર્ડમાં સત્તા સ્થાને બેઠેલા મોટાભાગના અધિકારીઓ શિક્ષણ ખાતાના બિન અનુભવી હોવાથી આ તકલાદી નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સમગ્ર શિક્ષણ જગતમાં ચર્ચાઈ રહ્યું છે. અને બોર્ડના અધિકારીઓએ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી જીદ્દી વલણ અખત્યાર કર્યુ હોવાથી સમય ઘટાડવાના પ્રશ્નને ઉકેલવા ઓલ ગુજરાત સ્ટુડન્ટ ફેડરેશનના પ્રમુખ જ્યોર્જ ડાયસ, કેતન મકવાણા, હરીશચંદ્ર ક્ષત્રિય, રાજુ પંચાલ વગેરેના પ્રતિનિધિ મંડળે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને આવેદનપત્ર આપી વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં દરમિયાનગીરી કરી પ્રશ્નને ઉકેલવા રજૂઆત કરી હતી.

# પરીક્ષાના હાઉને હળવો બનાવો

## વિદ્યાર્થી માર્ગદર્શન

- ડો. રાજેન્દ્ર આનંદ

છેલ્લા કેટલાય દિવસથી કામિનીબે ઘણાં ચિંતિત દેખાય છે. પોતાના દિકરા નીતિનના વર્તનથી ટેન્શનમાં છે, તેમનો દિકરો ૧૦માં ધોરણમાં ભણે છે. બોર્ડની પરીક્ષા નજીકમાં છે પરંતુ તેમનો દિકરો વાંચતો નથી, પરીક્ષા માટે તૈયારી કરતો નથી. આખો દિવસ મિત્રો સાથે ફર્યા કરે છે. મોબાઇલ પર વાતો કર્યા કરે છે. મોડો સુધી જાગે છે પરંત વાંચતો નથી. સવારે નવ વાગે ઉઠે છે. તેને પરીક્ષાની કોઇ ચિંતા નથી. તેને કોઇ સલાહ આપે તો ગુસ્સે થઇ જાય છે.

સુમનભાઇ તથા સરોજબેનની બેબી ધોરણ ૧૨માં ભણે છે. બહુ હર્ષથી ૧૨ સાયન્સમાં એડમીશન લીધેલું પરંતુ જેમ જેમ પરીક્ષા સામાન્ય આવતી જાય છે. તેમ તેનું વર્તન અસામાન્ય થતું જાય છે. તે વાતવાતમાં ગુસ્સો કરે છે. વારેઘડીયે રહી પડે છે. તેને હમણાંથી કશું યાદ રહેતું નથી. ખાવાપીવામાં અનિયમિત છે. તેને ભૂખ લાગતી નથી. તેનું મન ક્યાંક લાગતું નથી. તે વાંચે છે ખૂબ જ પરંતુ તેને યાદ રહેતું નથી.

આવી સમસ્યા રમેશભાઇ અને રાધિકાબેનની છે. તેમનો પુત્ર સુજલ પણ ૧૨માં ધોરણમાં ભણે છે. ૧૦માં ધોરણમાં ૯૦% માર્કસ લાવનાર સુજલ આત્મવિશ્વાસ ગુમાવી બેઠો છે. અત્યાર સુધી તનતોડ મહેનત કરનાર સુજલ હવે વાંચવા પ્રત્યે દુર્લક્ષ સેવે છે તેને કશું જ યાદ નથી એવા બહાના હેઠળ પરીક્ષા નહી આપવાની વાત કરે છે. આ વર્ષે પરીક્ષામાં ડ્રોપ લેવાની વાત કરે છે. માતાપિતા કંઇક સલાહ આપે તો તેમનું અપમાન કરે છે. ગુસ્સે થઇ જાય છે. આપઘાત કરવાની ધમકી આપે છે. બાળકનાં ટ્યૂશન પાછળ ૧ લાખ ખર્ચનાર રમેશભાઇની હાલત પોતાના સંતાનો કરતાં પણ ખરાબ છે. તેઓ પણ માનસિક હતાશાથી પીડાય છે.

આજના યુગમાં માતાપિતા તથા વાલીઓ પોતાના સંતાનોનાં શિક્ષણ માટે જાગૃત થયાં છે. દરેક માતાપિતા એવું ઇચ્છે છે કે પોતાનો સંતાન સારો અભ્યાસ કરે, સારૂં શિક્ષણ મેળવે, સારી બ્રાન્ચમાં એડમીશન મેળવે એ પોતાની જિંદગીમાં સારી રીતે સેટલ થાય એવું ઇચ્છે છે. પોતાના સંતાનને કંઇ પણ તકલીફ થાય તો માતાપિતાની ચિંતા પણ વધી જાય છે. સખત હરિફાઇના આ જમાનામાં દરેક માતાપિતા પોતાનું સંતાન સારી રીતે આગળ વધે તેવું ઇચ્છતા હોય છે. ધોરણ ૧૦ અને ૧૨માં પરીક્ષા આપતાં ઘણાં બધાં વિદ્યાર્થીઓ તથા તેમનાં માતાપિતા અસામાન્ય પ્રકારનાં ટેન્શન, તણાવ, ભય, ચિંતા તથા માનસિક હતાશાનો ભોગ બનતાં હોય છે. પરીક્ષાના આગળનાં દિવસોમાં વિદ્યાર્થીઓ એક અજબ પ્રકારની બેચેની અનુભવતાં હોય છે. તેમણે વાંચ્યું હોવા છતાં તેઓ ઘણું બધું ભૂલી જાય છે. આ બધું પરીક્ષાના ટેન્શન અને તણાવને લીધે થાય છે.

ઘણાં બધાં વિદ્યાર્થીઓ છેલ્લા દિવસોમાં બધું જ ફરીવાર વાંચવા બેસે છે. આખેઆખો કોર્સ ફરીવાર પૂરો કરવા જાય છે જે અશક્ય છે એટલે ટેન્શનમાં આવે છે અને માનસિક રીતે હતાશ થઇ જાય છે.

દરેક વિદ્યાર્થીએ જાણી લેવું જોઇએ કે પાસ થવા માટે મહેનત સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. સખત અને સતત મહેનત જ સારૂં પરિણામ લાવે છે. સમયસર અને સમજ સાથે મહેનત કરવી જોઇએ જો વિદ્યાર્થી પધ્ધતિસર તથા સમજપૂર્વક મહેનત કરે તો જ સારૂં પરિણામ લાવી શકે છે.

➜ છેલ્લા દિવસોમાં બધું જ સાથે વાંચવા જશો તો તકલીફ થશે એનાં કરતાં - પરીક્ષાલક્ષી મહેનત કરવી જોઇએ.

➜ છેલ્લા દિવસોમાં બધું જ વાંચવા કરતાં દરેક પ્રકરણના અગત્યનાં મુદ્રા યાદ રાખવાનો પ્રયત્ન કરવો જોઇએ.

● પરીક્ષાના દિવસોમાં વિદ્યાર્થીઓએ - સારી ઊંઘ લેવી જોઇએ. મોડે સુધી જાગવું જોઇએ નહીં. દરેક વિદ્યાર્થીએ ઓછામાં ઓછી છ કલાક ઊંઘ લેવી જોઇએ, જેથી દિવસમાં વાંચી શકાય.

● પરીક્ષાના છેલ્લા દિવસોમાં કેટલા કલાક વાંચ્યું એ અગત્યનું નથી પરંતુ શું વાંચ્યું, સમજપૂર્વક વાંચ્યું કે નહિ અને જે વાંચ્યું તે યાદ રહ્યું કે નહિ તે બાબતો અગત્યની છે.

● પરીક્ષાના છેલ્લા દિવસોમાં મગજને થોડો પણ આરામ પણ આપવો જોઇએ. મગજને વધુ શ્રમ આપશો તો થાકી જશે અને મગજ થાકી જશે અને મગજ થાકી જશે તો યાદ રાખવામાં તકલીફ પડશે.

● સતત કલાકોના કલાકો વાંચ્યા કરતાં દર બે કલાક ૧૦ મિનિટમાં વિરામ લેવો જોઇએ. તમારાં મગજને આરામ આપો, શરીરને આરામ આપો, રિલેક્સ થાવ, ઊંડો શ્વાસોશ્વાસ લો. આંખો બંધ કરીને સંપૂર્ણ શાંતિથી ૧૦ મિનિટ બેસો.

● પરીક્ષાના સમયે પરીક્ષાના હાઉથી કે ડરથી ગભરાઇ જવાની જરૂર નથી તમે જે વાંચ્યું છે જે અત્યાર સુધી મહેનત કરી છે તેને ત્રણ કલાકમાં સરસ રીતે લખવાનું છે આનાં માટે વધારે ટેન્શન કે ચિંતા કરવાની જરૂર નથી કેમ કે, છેલ્લા દિવસોમાં ટેન્શન રાખવાથી યાદશક્તિ ઓછી થાય છે.

● યાદ રાખો : પરીક્ષાની ચિંતા કે ટેન્શન આપણી યાદશક્તિ ઓછી કરે છે. આપણા પ્રેઝેન્ટેશનમાં ખાણીઓ લાવે છે. ચિંતા કે તણાવમાં આપણે પેપર સારી રીતે નહિ લખી શકીએ એટલે પરીક્ષામાં આપવા જતાં કોઇ પણ પ્રકારનું ટેન્શન કે ચિંતા રાખશો નહિ મનને ચિંતા થાય, તણાવ થાય તો ઊંડા શ્વાસ લો, ભગવાનને પ્રાર્થના કરો.

➜ પરીક્ષાના સમયે નિયમિત ભોજન લો. નિયતસરનું ભોજન લો, વધુ પડતું ભોજન ઊંઘ લાવે છે. આળસ લાવે છે, એટલે પરીક્ષાના સમયે હળવો અને સંતુલિત આહાર લેવો જોઇએ.

➜ પરીક્ષાના સમયે મિત્રો સાથે કોઇ પણ પ્રકારની ચર્ચાને ટાળો. મિત્રો સાથે ચર્ચા કર્યા કરતાં શાંતિથી બેસો, રિલેક્સ થાવ.

➜ પરીક્ષા હોલમાં જતી વખતે તમારૂં પ્રવેશપત્ર ભૂલશો નહીં. તેના પર તમારા પરીક્ષા-નિરીક્ષક (સુપરવાઇઝર) ની સહી કરાવવાનું પણ ભૂલશો નહીં, પરીક્ષાની ઉત્તરવહી પર બારકોડ વ્યવસ્થિત લગાવો.

➜ પરીક્ષા ખંડમાં જતી વખતે પેન-પેન્સિલ, તથા જરૂર પૂરતાં સાધનો લઇ જાવ. કોઇ પમ પ્રકારની ચબરખી, કે કાપલી લઇ ના જાવ.

➜ પરીક્ષા વખતે ઉત્તરવહી પર તમારો નંબર, તમારી સહી જરૂર કરો ઉત્તરવહી પર કોઇ પણ જાતનાં નિશાન કે બીજું કશું લખશો નહિ.

➜ પરીક્ષા ખંડમાં કોઇ પણ પ્રકારની ચિંતા કે તણાવ વગર બેસો. પરીક્ષા હોલમાં બીજા વિદ્યાર્થીઓ શું કરે છે. તેનું ધ્યાન ન રાખો.

➜ પેપર લખતી વખતે શું લખો છો તેનું ધ્યાન રાખો. યાદ રાખો તમારૂં લખાણ સુઘડ, સુવાચ્ય હોવું જોઇએ.

➜ પેપર લખતી વખતે Time Management બરાબર કરો. દરેક પ્રશ્નને સમજો. સમજયા પછી લખવાનું શરૂ કરો. દરેક પ્રસ્નને યોગ્ય ન્યાય તથા સમય આપો. દરેક પ્રશ્ન માટે અમુક સમય ફાળવો અને એટલાં જ સમયમાં એ પ્રશ્ન વ્યવસ્થિત લખાઇ જાય તેનું ધ્યાન રાખો.

➜ ઉત્તરવહીમાં તમારા અક્ષરો સારા હોવા જોઇએ. તમારૂં લેખન સુવાચ્ય હોવું જોઇએ. નિબંધ તથા વર્ણનાત્મક પ્રશ્નોનાં જવાબમાં પહેલાં મુદ્દા લખી જાવ પછી તેની ચર્ચા લખો.

➜ ઉત્તરવહીમાં ખોટી ચેક-ચાક ન કરશો, તમારી ઉત્તરવહી સુંદર, સુઘડ તથા સરસ રાખવાનો પ્રયત્ન કરોય

➜ કોઇ પણ પ્રશ્નના ઉત્તરમાં ભૂલ થઇ હોય તો તેને ત્યાં જ સુધારવાનો પ્રયત્ન કરો. આખો જવાબ ફરીવાર લખવાનો પ્રયત્ન ન કરો. આમ કરવાથી મગજ અને સમય બધું જ બગાડશે. અને બીજા પ્રશ્નોના ઉત્તર વ્યવસ્થિત નહિ લખી શકો.

➜ પ્રશ્નપેપરલખી રહ્યાં પછી છેલ્લી ૧૦ મીનીટમાં ઉત્તરવહી જોઇ લો અગત્યનાં વાક્યો નીચે લીટી કરવાનું ન ભૂલશો.

● યાદ રાખો :

બોર્ડની પરીક્ષાનો ભય એ ખૂબ જ ખોટો ભય છે, પરીક્ષાને લીધે થતો ખોટો ભય કે તણાવની ચિંતા ન કરશો. પરીક્ષાને દુશ્મન ન સમજો.

આત્મવિશ્વાસ કેળવો.

સ્વસ્થ અને શાંત ચિત્તે પરીક્ષા આપો.

આ ધો.૧૦ કે ૧૨ ની પરીક્ષા છે. આપણાં આખા જીવનની પરીક્ષા નથી.

# એસ.એસ.બી.એડ. કોલેજ દ્વારા વકૃતત્વ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૫

કડી સર્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત સેકટર-૨૩માં આવેલ એસ.એસ. બી.એડ. કોલેજના હોલમાં શાલેય વિદ્યાર્થીઓને લઈને વકૃતત્વ સ્પર્ધા યોજાઈ ગઈ.

સેકટર-૨૩માં આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત એસ.એસ. પટેલ બી.એડ. કોલેજ દ્વારા ગાંધીનગરની વિવિધ પ્રાથમિકશાળા અને માધ્યમિકશાળાના વિદ્યાર્થીઓને લઈને 'સ્વામી વિવેકાનંદનો યુવાનોને સંદેશ' વિષય પર વકૃતત્વ સ્પર્ધા બપોરે ૨.૩૦ કલાકે યોજાઈ ગઈ.

આ પ્રસંગે બી.એડ. કોલેજના આચાર્યા જીજ્ઞાશાબેન જોશી, ડી.એચ. પટેલ એમ.એડ્. કોલેજના પ્રાધ્યાપક ડૉ. હરેકૃષ્ણ પટેલ, પ્રાધ્યાપક મતંગ ગોસ્વામી અને પત્રકારત્વ વિભાગના વ્યાખ્યાતા મિતેશ મોદી ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રાધ્યાપક નરેન્દ્ર નાયીએ કર્યું હતું. તથા કાર્યક્રમનું સંચાલન પ્રીતિ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

# નિસર્ગ સાયન્સ સેન્ટરે રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની કરેલી અનોખી ઉજવણી

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૨૮મી ફેબ્રુઆરી મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવી હતી. 'આનુવંશિક રીતે સુધારેલા પાકો અને ખાદ્ય સુરક્ષા' વિષયે વિવિધ કાર્યક્રમો જિલ્લાની શાળાઓમાં કરવામાં આવ્યા હતા.

નિસર્ગસાયન્સ સેન્ટર દ્વારા પણ આ દિવસની ઉજવણીનાં ભાગરૂપે તા. ૨૮ ફેબ્રુઆરીથી ૪ થી માર્ચ સુધી ગાંધીનગર જિલ્લાની જુદી જુદી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુંહતું. આ ઉજવણી અંતર્ગત તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ પેથાપુર કન્યા શાળા નં. ૧ તેમજ પેથાપુર કુમાર શાળા નં. ૧ પેથાપુર ખાતે મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ વગેરે રોકેટ બનાવતા શીખડાવવામાં આવ્યા હતા. તેમજ શાળાના શિક્ષક શ્રીમતી ગીતાબેન પટેલ દ્વારા રોકેટનું લોન્ચીંગ પણ કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં બંને શાળાના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત આ શાળામાં ભૌતિક વિજ્ઞાન અને ખગોળશાસ્ત્ર વિષયક પ્રદર્શન પણ મુકવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનાં આયોજનમાં શ્રી ભાવિકભાઈ પટેલે ખુબજ જહેમત ઉઠાવી હતી. પેથાપુરની આજુબાજુની શાળાઓના ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન નિહાળ્યું હતું. તેમજ ખગોળશાસ્ત્ર વિષયક માહિતી મેળવી સરકારી પ્રાથમિક શાળા કાનપુર ખાતે ૧લીએ રસાયણ વિજ્ઞાન અને વહેમ અંધશ્રદ્ધા નિવારણ પ્રયોગો દેખાડવામાં આવ્યા હતા. જેમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. ૨-જીએ એસ.એમ.કે. શાહ માધ્યમિક શાળા, મોટી આદરજમાં ટ્રસ્ટી અનિલભાઈ પટેલ દ્વારા ગ્લોબર વોર્મિંગ અને ક્લાયમેટ ચેન્જ વિષય પર વ્યાખ્યાન યોજાયુંહતું. આ પ્રસંગે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. ૩જીએ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૬૫ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિજેતાને સર્ટિફિકેટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. સાયન્સ સીટી ખાતે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૧૦ મોડેલ રજૂ કરાયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ કરવા હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ અને શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.